





# ભૌતિક તેમજ આધ્યાત્મિક જીવનનું શ્રેષ્ઠ સમાયોજનઃ મંત્રસિદ્ધ ચૈતન્ય ગુરુ રહસ્ય માળા

**યંત્ર-મંત્ર-તંત્ર**
**યજ્ઞેશ ત્રિવેદી**

અધ્યાત્મ અને ભૌતિક જીવનનું શ્રેષ્ઠ સમાયોજન : મંત્રસિદ્ધ ચૈતન્ય 'ગુરુ રહસ્ય માળા'.

આજકાલ તમે જોતાં હશો કે સ્ફટિકનાં નામ પર કાચ કે પ્લાસ્ટિક તેમજ રુદ્રાક્ષના નામ પર ભદ્રાક્ષ કે જંગલી ઝાડીના બોરના આકારના દાણાની બજારમાં માળાઓ મળે છે.

જો તમોને શુદ્ધ અને ઓરિજિનલ માળા મળી જાય અને તેને ધારણ કરો તો નિઃસંકોચ અદ્દભુત ચમત્કાર જોવા મળે છે. તેમાંથી આ છે : દિવ્ય મંત્ર-સિદ્ધ ગુરુ રહસ્ય માળા.


આ માળાને ધારણ કરવાથી વ્યક્તિ સાધક શિષ્યના હૃદયમાં દિવ્ય ભાવનો ઉદય થાય છે. ભાવથી ભક્તિ... ભક્તિથી શક્તિ... ધ્યાનની પરમ ઊંડાઈઓ સુધી પહોંચાડવામાં સંપૂર્ણ સહાયક.

આ માળના પ્રભાવથી વ્યક્તિ સાધક શિષ્યના જીવનમાંથી કલુષિત ભાવનાનું શમન થઈ જાય છે... દિવ્ય ભાવથી ભક્તિ, પછી ભક્તિથી શક્તિ અને શક્તિથી ઘણું બધું... શિવ આનંદની પ્રાપ્તિ સરળતાથી શક્ય બની જાય છે. ગુરુ રહસ્ય સિદ્ધિ માળા ધારણ કરવી તે જીવનનું પરમ સૌભાગ્ય છે.

1. કહેવાય છે કે, તેને પહેરવાથી કોઈ પણ પ્રકારનો ભય અને ગભરામણ રહેતી નથી.
2. જ્યોતિષ અનુસાર તેને ધારણ કરવાથી ધન, સંપત્તિ, રૂપ, બળ, વીર્ય અને યશ મળે છે.
3. આ માળા ધારણ કરવાથી મનમાં સુખ, શાંતિ અને ધૈર્ય બનેલું રહે છે.
4. તેને ધારણ કરવાથી ભૂત-પ્રેત વગેરે નડતરમાંથી પણ મુક્તિ મળી જાય છે.
5. આ માળાથી કોઈ પણ મંત્રનો જપ કરવાથી તે મંત્ર જલદીથી સિદ્ધ થઈ જાય છે.
6. તેનાથી વિચાર-સમજમાં તેજી અને મગજનો વિકાસ થવા લાગે છે.
7. આ માળા ધારણ કરવા માત્રથી પિત્ત-વિકાર, નિર્બળતા તથા લોહી વિકાર જેવી વ્યાધિઓ દૂર થાય છે.
8. કોઈ પણ પુરુષ કે સ્ત્રીને એકદમ સ્વસ્થ રાખે છે.
9. આ માળા આકસ્મિક ધનનો સ્રોત (પ્રભાવ) બનાવી છે.
10. આ માળા ધારણ કરવાથી ભગવાન સદાશિવના આશીર્વાદથી આપોઆપ જ શુક્ર ગ્રહ દોષ દૂર થાય છે.
11. આના ઉપયોગથી દુઃખ અને દારિદ્ર નષ્ટ થાય છે.
12. તે પાપનું નાશક છે અને પુણ્યનો ઉદય થાય છે.
13. સોમવાર કે ગુરુવારે અથવા નજીકમાં અષાઢ સુદ પૂનમઃ તા. 29 જુલાઈ 2026 બુધવારે ગુરુપૂર્ણિમાના દિવસે ધારણ કરવાથી મનમાં સંપૂર્ણ શાંતિની અનુભૂતિ થાય છે તેમજ માથાનો દુખાવો થતો નથી.
14. આ માળા ધારણ કરવાથી લોહી સંબંધિત બીમારીઓમાં લાભ થાય છે.
15. આ માળા આત્મ-સંમોહન માટે શ્રેષ્ઠ છે.
16. વધારે તાવ રહેવાની સ્થિતિમાં માળાને પાણીમાં ધોઈને થોડાક સમય માટે નાભિ (દૂંટી) પર મૂકવાથી તાવ ઓછો થવા લાગે છે તેમજ આરામ મળે છે.

આ માળા ધારણ માત્રથી ગુરુની અસીમ કૃપા પ્રાપ્ત થાય છે. જો આ માળાથી ગુરુમંત્ર જપવામાં આવે તો સાધનામાં શીઘ્ર સફળતાના ચાન્સ વધી જાય છે. મારું માનવું છે કે દરેક સ્ત્રી પુરુષની પાસે આ માળા હોવી જોઈએ. મંત્ર સિધ્ધ પ્રાણ-પ્રતિષ્ઠાવાળી ગુરુ રહસ્યમાળાનું શુલક સહયોગ રાશિ ન્યૂનતમ છે.

# ગુરુદેવના આશીર્વાદથી અમારા જીવનમાં જે કંઈ થયું તેને અમે ચમત્કાર માનીએ છીએ



**જડીબુટ્ટી**
**નજુમી**

ગુરુજી પ્રણામ! ગુરુજી... તમોને મારા અને મારા પરિવારના દરેક સભ્ય દ્વારા ચરણસ્પર્શ.

અમારા બધાનું ધનભાગ્ય છે, કૃતકૃત્ય છે કે તમે અમારા ગુરુ થવાનું સ્વીકારી લીધું. તમારી મંત્રદીક્ષા, જ્ઞાનદીક્ષા, સદ્કર્મ દીક્ષા, ધર્મ-સંસ્કૃતિની દીક્ષા, દાન-પુણ્યની દીક્ષાથી અમારું જીવન જ બદલાઈ ગયું, દશા બદલાઈ ગઈ. આવકના સ્રોત સુગમ થઈ ગયા. હવે ઘરમાં સુખ-શાંતિ છે. મન ઉદ્દિગ્ન નથી રહેતું કે મહત્ત્વાકાંક્ષાઓની પાંખ ફફડાવાની જરૂર રહેતી નથી. જ્યારથી અમોને ગુરુ દીક્ષા પ્રાપ્ત થઈ છે ત્યારથી એવું જ લાગે છે કે તમે જ્યારે અમારી સામે, અમોને અમોને આખા પરિવાર સાથે વાત કરી રહ્યા છો. સુખ-દુઃખ પૂછી રહ્યા છો. ક્યાંય પણ કોઈ પણ પ્રકારનું અંતર લાગતું નથી. એવી નિકટતા, એવો સ્નેહ, એવી કૃપા હંમેશા જળવાઈ રહે. તમારા આશીર્વચનનાં કેશરથી અમે બધાં તન-મનને પલાળીને જ્ઞાનથી સુગંધિત કરતાં રહ્યાં.

જ્યારે તમારો પહેલી વાર સાક્ષાત્કાર થયો ત્યારથી એવી મનોદશાનો અનુભવ થતો રહે છે... થાય છે... તમોએ સાચું કહ્યું હતું કે, સાંસારિક અનુભવોનું કોઈ મહત્ત્વ નથી હોતું... કારણ કે આ સંસાર આ સૃષ્ટિ છે જ અનુભવો માટે તથા અનુભવોથી જ સંસાર છે, સૃષ્ટિ છે. તે શાકમાં મસાલો નાખવાની જેમ જ છે. મસાલા વગર શાક સ્વાદિષ્ટ બની નથી શકતું. પરંતુ ભોજનના રૂપે શાકની જગ્યાએ ફક્ત મસાલો જ ખવાતો નથી. સાંસારિક સુખોનો ભોગની સીમા માટે તમારા આશીર્વચન... તમારા દ્વારા આપેલું જ્ઞાન- આ ઉદાહરણમાં સમાવેશ થયો છે.

અજ્ઞાનતા, કપટ, જૂઠું વગેરે પથભ્રષ્ટતા તરફ લઈ જાય છે. પરંતુ અમે તમારા આ જ્ઞાનમાં ઊંડે સુધી ઊતરી ગયા. એમ સમજો કે તમારા આશીર્વચનોના જ્ઞાન-સાગરમાં ઊંડાઈ સુધી ડૂબકી મારી દીધી. હવે મન, ચિત્ત શાંત રહે છે. હૃદયમાં, વિચારોમાં, ચિંતનમાં પરિવર્તન થયું છે. કોઈ અમને પૂછે... અમારી પાસે જાણો કે ગુરુ બનાવવાથી અમોને શું લાભ મળ્યા છે. પ્રકૃતિ, જીવન પ્રસન્નતાથી કેટલોય લય જોડાઈ ગયો છે. કયો બોધ થયો. શું છૂટી ગયું. શું મળ્યું, શું ગુમાવ્યું, શું મેળવ્યું, શું જાણ્યું, શું ઓળખ્યું? ગુરુદેવના આશીર્વાદથી અમારા જીવનમાં જે કંઈ થયું છે તેને અમે ચમત્કાર માનીએ છીએ. હે ગુરુદેવ! તમે ફક્ત આ જન્મમાં જ નહીં પરંતુ આગલા સહસ્ર જન્મો સુધી અમારા પૂજ્ય દેવતુલ્ય ગુરુદેવ બની રહો.

**હે ગુરુદેવ! તમે આ જન્મમાં જ નહીં, પરંતુ આગલા સહસ્ર જન્મો સુધી અમારા પૂજ્ય દેવતુલ્ય ગુરુદેવ બની રહો**

- જિજ્ઞેશ કાપડિયા, સુરત

# મને કેવી છોકરી મળશે?



**સમસ્યા અને સમાધાન**
**વાય.જે.ટી.**

**સમસ્યાઃ- મારો લગ્નયોગ ક્યારે છે? છોકરી મને કેવી મળશે? જન્માક્ષરની વિગત આ સાથે મોકલેલ છે. (શિવ, સુરત)**

સમાધાનઃ- શિવજી... તમારે ગયા વર્ષે વધારે લગ્નયોગ ચાલુ હતા. હવે હજુ તમને તા. ૨ જૂન ૨૦૨૬ થી ૩૧ ઓક્ટોબર સુધી લગ્નયોગ ચાલશે.

આ ઉપરાંત તમારે તમારા નજીકનાં લોકોને લઈને તમને અનેક સમસ્યાઓનો સામનો કરવો પડશે. તમારી ઉદારતાના કારણે તમે હંમેશાં બીજાની મદદ કરવા તત્પર રહો છો પણ તમે પોતે કોઈક માનસિક તાણથી પીડાવ છો. ખાસ કરીને, ભાઈઓ સાથે કોઈક બાબતે અણબનાવ થવાની શક્યતા રહેલી છે. તમોને તમારાં માતા-પિતા પાસેથી પૂરેપૂરો પ્રેમ મળશે. તમારું લગ્નજીવન સંતોષપૂર્વકનું હશે કેમકે તમે તમારા જીવનસાથીને કોઈ પણ જાતની અપેક્ષા વિના પ્રેમ કરશો. તમારા જીવનસાથી પણ ઉદારતાના કેન્દ્ર બિંદુ સમાન હશે... તેઓ તમારા પરિવારનાં સભ્યોનું યોગ્ય રીતે ધ્યાન રાખશે તથા વડીલોને માન આપશે. તમારા જીવનસાથીનો મંત્ર હશે - 'સારું કરો અને ભૂલી જાવ.' લગ્ન થયા પછી તમારો વધુ ભાગ્યોદય થશે. તમારા જીવનસાથીને પણ વિદેશયાત્રાની તક મળશે. તમને વેપારના માધ્યમથી લાભ અને યશ - બંને મેળવશો. તમોને પણ જીવનમાં અનેક વાર વિદેશ પ્રવાસ અન્ય મુસાફરીની તક મળશે. હાલ તમારા માટે વિદેશયોગ ચાલુ જ છે.

તમારા માટે આયુષ્યનો મધ્ય ભાગ તથા ઉત્તરાર્ધ સારો રહેશે. તમોને અન્નની ક્યારેય કમી નહીં પડે. તમને તમારા જીવનકાળમાં ધન, સંપત્તિ, સોનું, વસ્ત્ર વગેરે સારા એવા પ્રમાણમાં મળી રહેશે. પિતા દ્વારા પણ તમને ઘણું ધન મળશે.

આટલી ઉંમર થવા છતાં તમારો સંબંધ ન થવા પાછળનું કારણ શનિ-ચંદ્રનો વિષયોગ, મંગળ-રાહુનો બંધન યોગ અને શનિ-કેતુનો શાપિત યોગ જવાબદાર છે. તેથી આ બધા દોષોને દૂર કરીને શીઘ્ર લગ્ન થાય માટે તમારે સિદ્ધ કરેલ અસલ નેપાળી 'ગૌરી-શંકર રુદ્રાક્ષ' ગળામાં ધારણ કરવાથી તમોને ઝડપી રિઝલ્ટ મળશે.

# આ વખતે ચાતુર્માસમાં 119 દિવસો સુધી ભગવાન વિષ્ણુ વિશ્રામ કરશે



**કાળચક્ર**
**યજ્ઞાનંદ**

સનાતન ધર્મમાં ચાતુર્માસનો કાળ (સમય) આધ્યાત્મિક સાધના અને આત્મ-સંયમ માટે ઘણો પવિત્ર માનવામાં આવે છે. આ એ જ સમય હોય છે - જ્યારે સૃષ્ટિના પાલનહાર જ ભગવાન વિષ્ણુ ચાર મહિના માટે યોગ નિદ્રામાં જતા રહે છે. વર્ષ 2026માં ચાતુર્માસની શરૂઆતથી માંડીને ભક્તોમાં અત્યંત જ ઉત્સુકતા છે. આ વર્ષે ચાતુર્માસ ક્યારથી શરૂ થશે અને આ દરમિયાન કઈ વાતોનું વિશેષ ધ્યાન રાખવું જોઈએ તે જાણીએઃ

વર્ષ 2026માં ચાતુર્માસનો પ્રારંભ 25 જુલાઈ શનિવારે અષાઢ સુદ પક્ષની 'દેવશયની એકાદશી'થી થશે. આ પવિત્ર અવધિ (સમયગાળો) લગભગ 119 દિવસ સુધી ચાલશે અને 20 નવેમ્બર, શુક્રવારે કારતક સુદ પક્ષની પ્રબોધિની (દેવઊઠી) એકાદશીની સાથે સમાપન થશે. આ દિવસે ભગવાન વિષ્ણુ પોતાની યોગનિદ્રામાંથી જાગે છે અને ફરીથી સૃષ્ટિનો કાર્યભાર સંભાળે છે.

ચાતુર્માસમાં સામેલ ચાર મુખ્ય મહિના (ચાતુર્માસ) નો અર્થ જ ચાર મહિનાની અવધિ છે. તેમાં ખાસ કરીને શ્રાવણ, ભાદરવો, આસો અને કારતકનો સમાવેશ થાય છે.

**ભગવાન શિવ સંભાળશે સંસારની કમાન**

ચાતુર્માસમાં શ્રી હરિ સહિત બધા દેવતા 4 મહિના માટે રાજા બલિને ત્યાં પાતાળલોકમાં રહે છે. યોગનિદ્રામાં રહે છે. એટલા માટે આ દરમિયાન ભગવાન શિવના હાથમાં સૃષ્ટિનું સંચાલન રહે છે. આ જ કારણે ખાસ કરીને આ મહિનામાં શિવજીના પૂજનનું વધારે મહત્ત્વ રહે છે.

શાસ્ત્રાનુસાર ચાતુર્માસ તેમજ ચોમાસાના દિવસોમાં 'દેવકાર્ય' વધારે થાય છે. જ્યારે હિન્દુઓનાં લગ્ન વગેરે ઉત્સવ કરવામાં આવતા નથી. આ દિવસોમાં મૂર્તિ પ્રાણ-પ્રતિષ્ઠા દિવસ તો થાય છે પરંતુ નવમૂર્તિ પ્રાણ-પ્રતિષ્ઠા અને નવનિર્માણ વગેરે કાર્ય કરવામાં આવતું નથી. જ્યારે ધાર્મિક અનુષ્ઠાન, શ્રીમદ્ ભાગવત જ્ઞાન યજ્ઞ, હવન યજ્ઞ કાર્ય વધારે થાય છે. ગાયત્રી મંત્રનું પુરશ્ચરણ અને બધા વ્રત શ્રાવણ મહિનામાં કરવામાં આવે છે. શ્રાવણ મહિનામાં મંદિરોમાં કીર્તન, ભજન, જાગરણ વગેરે કાર્યક્રમ વધારે થાય છે. સવારે સૂર્યોદયથી પહેલાં ઊઠીને પોતાની દૈનિક ક્રિયાઓથી નિવૃત્ત થઈને કમલ નેત્ર ભગવાન વિષ્ણુને પીળું વસ્ત્ર ઓઢાડીને ધૂપ, દીપ, નૈવેદ્ય, ફળ અને મોસમનાં ફળોથી વિધિવત્ પૂજન કરવું જોઈએ તથા વિશેષ કરીને પાન અને સોપારી અર્પણ કરવું જોઈએ.

**ચાતુર્માસમાં વિભિન્ન કર્મોનું પુણ્ય ફળ**

- જે મનુષ્ય આ ચાર મહિનામાં મંદિરમાં ઝાડુ મારે છે તથા મંદિરને ધોઈને સાફ કરે છે. કાચા સ્થાનને છાણથી લીંપે છે - તેને સાત જન્મ સુધી બ્રાહ્મણ યોનિ મળે છે.
- જે ભગવાનને દૂધ, દહીં, ઘી, મધ અને મિશ્રીથી સ્નાન કરાવે છે - તે સંસારમાં વૈભવશાળી બનીને સ્વર્ગમાં જઈને ઈન્દ્ર જેવું સુખ ભોગવે છે.
- ધૂપ, દીપ, નૈવેદ્ય અને ફૂલ વગેરેથી પૂજન કરનાર પ્રાણી અક્ષય સુખ ભોગવે છે.
- તુલસી પત્ર અથવા તુલસી મંજરીઓથી ભગવાનનું પૂજન કરવાથી, સોનાની તુલસી બ્રાહ્મણને દાન કરવાથી પરમ ગતિ મળે છે.
- ગુગળનો ધૂપ અને દીવો અર્પણ કરનારો મનુષ્ય જન્મ-જન્માંતરો સુધી ધનાઢ્ય રહે છે.
- પીપળાનું વૃક્ષ લગાડવું, પીપળા પર દરરોજ જળ ચઢાવવું, પીપળાની પરિક્રમા કરવી, ઉત્તમ ધ્વનિવાળો ઘંટ મંદિરમાં ચઢાવવો, બ્રાહ્મણોનું ઉચિત સન્માન કરવું, કોઈ પણ પ્રકારનું દાન આપવું, કપિલા ગાયનું દાન, મધથી ભરેલું ચાંદીનું વાસણ અને તાંબાના પાત્રમાં ગોળ ભરીને દાન કરવું. મીઠું, હળદર, લાલ વસ્ત્ર, તલ, ચંપલ અને છત્રી વગેરેનું દાન કરનાર જીવને ક્યારેય કશી કોઈ પણ વસ્તુની કમી જીવનમાં આવતી નથી તથા તે હંમેશાં સાધનસંપન્ન રહે છે.

જેઓ વ્રતની સમાપ્તિ કે ઉદ્યાપન કરતી વખતે અન્ન, વસ્ત્ર અને શૈયાનું દાન આપે છે તે અક્ષય સુખને પ્રાપ્ત કરે છે તથા હંમેશાં ધનવાન રહે છે. વર્ષાઋતુમાં ગોપી ચંદનનું દાન કરનારને બધા પ્રકારના ભોગ તેમ જ મોક્ષ મળે છે. જો નિયમથી ભગવાન શ્રી ગણેશ અને સૂર્ય ભગવાનનું પૂજન કરે છે તેઓ ઉત્તમ ગતિને પ્રાપ્ત કરે છે.

માતા લક્ષ્મી અને પાર્વતીને ખુશ કરવા માટે ચાંદીના પાત્રમાં હળદર ભરીને દાન કરવું જોઈએ. ભગવાન શિવને પ્રસન્ન કરવા (ખુશ) કરવા માટે બળદનું દાન શ્રેયસ્કર છે. ચાતુર્માસમાં ફળોનું દાન કરવાથી નંદન વનનું સુખ મળે છે. જે લોકો નિયમથી એક સમયે ભોજન કરે છે, ભૂખ્યાને ભોજન ખવડાવે છે, પોતે પણ નિયમબદ્ધ જ બનીને ચોખા અને જવનું ભોજન કરે છે, ભૂમિ (જમીન) પર સૂઈ જતા હોય – તેમને અક્ષય કીર્તિ પ્રાપ્ત થાય છે. આ દિવસોમાં આંબળાવાળા પાણીથી સ્નાન કરવું તથા મૌન રહીને ભોજન કરવું શ્રેયસ્કર છે.

**ચાતુર્માસનો પ્રારંભ 25 જુલાઈ, શનિવારે અષાઢ સુદ પક્ષની દેવશયની એકાદશીથી થશે. આ પવિત્ર સમય લગભગ 119 દિવસ સુધી ચાલશે અને 20 નવેમ્બર શુક્રવારે કારતક સુદ પક્ષની પ્રબોધિની (દેવઊઠી) એકાદશીના રોજ સમાપ્ત થશે**